આજે અટલા વરસે પણ ઘણા બાળકો એવાં છે કે, જેઓની પહેલાંની પેઢીએ (એટલે કે મા-બાપ, કાકા-કાકી, મામા-માસી વિગેરેએ) શિક્ષણ લીધુ નથી. મા-બાપને ભણતરનું મહત્વ ન સમજાતુ હોઈ ત્યારે બાળક ભણતું હોઈ તેને સામા પ્રવાહે તરવા જેવો ઘાટ થાય. જો કે ચાલીસ પચાસ વરસ પહેલાં જે સ્થિતી હતી તેમાં આજે ઘણો બદલાવ જોવા મળે છે, પરંતુ પાયાની સમસ્યાઓ એના એ જ છે.

સમાજના મુખ્ય પ્રવાહમાં તરવા માટે, ટકવા માટે, આગળ વધવા માટે શિક્ષણની જરૂર છે, એ તો સાચુ જ પણ લોકશાહીને ટકાવવા અને મજબુત કરવા માટે પણ શિક્ષણની જરૂર છે. આદિવાસી સમાજના લોકો પોતાનું ગુજરાન ચલાવવા માટે બહાર ગામે મજુરી માટે જાય છે. ત્યારે તેમના નાના બાળકો અને અમુક ભણતા બાળકોને પણ સાથે લઈ જતા હોઈ છે. જેથી તે ભણતાં ભણતાં અધવચ્ચેથી ઉઠી જાય છે અને શિક્ષણથી વંચીત રહે છે આના લીધે આદિવાસીઓમાં શિક્ષણનું સ્તર નીચું છે. તેમજ સમાજમાં કેટલીક ખોટી માન્યતા છે. છોકરીનો ભણાવી શું કરવી ? એ તો પારકે ઘરે જવાની છે. ભણીને આગળ વધીએ તોય નોકરી મળતી નથી. ભણીને કોનું ભલુ થયું ? આવી અંધશ્રધ્ધાઓ પણ છે.




ભારતીય બંધારણના આર્ટીકલ ૨૧(એ)માં ૬થી ૧૪ વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરવામાં આવેલ છે તથા રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતમાં પણ ૧૪ વર્ષ સુધીનાં બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાં ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. જેનાં ખાસ કારણોમાં બાળમજૂરી, પોતાના ગામથી સ્કુલ દૂર હોવાથી, સ્થળાંતર, સ્કુલમાં રસપ્રદ વાતાવરણ અને સુવિધાનો અભાવ, શિક્ષણના ખર્ચને પહોંચી ન વળવું વગેરે બાબતો મુખ્ય છે. જેથી આ તમામ પરિબળોને ધ્યાને લઈને બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ વર્ષ ૨૦૦૯માં પસાર કરવામાં આવેલ છે.

# બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯

## બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો હક

૧. ૬ થી ૧૪ વર્ષના દરેક બાળકને તેમના વિસ્તારની શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર રહેશે. જેમાં બાળકનુ પ્રાથમિક શિક્ષણ અટકાવે તેવી કોઈ પણ પ્રકારની ફી અથવા ખર્ચ ચૂકવવા જવાબદાર રહેશે નહીં.

૨. એવું બાળક કે જે છ વર્ષ અથવા તેનાથી વધારે ઉંમરનું હોવા છતાં શાળામાં પ્રવેશ આપવામાં આવેલ નથી તેવા બાળકને તેનું પ્રાથમિક શિક્ષણ પૂરું કરવા તેની ઉંમર મુજબ યોગ્ય ધોરણમાં દાખલ કરવામાં આવશે.

૩. ઉંમર અનુસાર યોગ્ય ધોરણમાં સીધો પ્રવેશ અપાયો હોય તેવાં બાળકો અન્ય બાળકો સાથે સમાનતાથી ચાલી શકે તે માટે નિયત સમયમર્યાદામાં તાલીમ મેળવવાનો અધિકાર રહેશે તથા આવું બાળક ચૌદ વર્ષ પૂર્ણ થઈ ગયા હોવા છતાં જ્યાં સુધી તે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ ન કરે ત્યાં સુધી મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવા હકદાર રહેશે.

૪. એવી શાળા કે જ્યાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરવા માટેની જોગવાઈ ન હોય, ત્યાં પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા સ્થાપિત અને તેની માલિકીની હોય તથા ખર્ચને પહોંચી વળવા સહાય કે અનુદાન મેળવતી હોય તેવી યોગ્ય શાળામાં બદલી મેળવવાનો બાળકને અધિકાર રહેશે.

૫. કોઈ પણ કારણસર જ્યારે બાળકને એક શાળામાંથી બીજી શાળામાં જવાની જરૂરિયાત ઊભી થાય, રાજ્યમાં અથવા રાજ્ય બહાર સરકાર દ્વારા ચાલતી કોઈ પણ યોગ્ય શાળામાં બદલી કરાવાનો અધિકાર મેળવવા હકદાર રહેશે.

૬. અન્ય શાળામાં પ્રવેશ મેળવવા માગતા બાળકનું, છેલ્લે બાળક જે શાળામાં અભ્યાસ કરતો હોય ત્યાંના મુખ્ય શિક્ષક અથવા ઈનચાર્જ વ્યક્તિએ, તાત્કાલિક બદલી પ્રમાણપત્ર કાઢી આપવાનું રહેશે.

**ધોરણ ૧થી ૫ની શાળા ૧ કિમીની અંદર**
**ધોરણ ૬થી ૮ની શાળા ૩ કિમીની અંદર**

## મફત અને ફરજિયાત શિક્ષણ બાળકનો હક, સરકારની ફરજ

### સરકારની ફરજો

૧. છ થી ચૌદ વર્ષનાં તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત આપવું.

૨. છ થી ચૌદ વર્ષનાં તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણમાં ફરજિયાત દાખલ-પ્રવેશ, હાજરી અને તેને પૂરું કરવાની ખાતરી આપવાની બંધનરૂપ ફરજ છે.

૩. નબળા વર્ગમાંથી આવતા બાળકની સામે કોઈ પણ ભેદભાવ આચરવામાં આવશે નહીં અને તેને આધારે તેને પ્રાથમિક શિક્ષણ ચાલુ રાખવા અને પૂરું કરતા અટકાવી શકાશે નહીં.

૪. શાળાની ઈમારત, શૈક્ષણિક ગણ અને ભણવાનાં સાધનો સહિતની માળખાકીય સુવિધા પૂરી પાડવી.

૫. ઉંમર મુજબ યોગ્ય ધોરણમાં સીધો પ્રવેશ અપાયો હોય તેવાં બાળકો અન્ય બાળકો સાથે સમાનતાથી ચાલી શકે તે માટે નિયત સમયમર્યાદામાં તાલીમની સુવિધા પૂરી પાડવી.

૬. દરેક બાળકનો પ્રાથમિક શિક્ષણમાં દાખલ-પ્રવેશ, હાજરી અને તે પૂરું કરવા ઉપર દેખરેખની ખાતરી આપવી પડશે.

૭. પોતાના હુકુમતક્ષેત્રની મર્યાદાના વિસ્તારની અંદર વસતાં ચૌદ વર્ષ સુધીનાં તમામ બાળકોની નોંધણી - દફતર દુરસ્ત રાખશે.

૮. સ્થળાંતરિત પરિવારોનાં બાળકોનો શાળામાં દાખલ-પ્રવેશની ખાતરી આપશે. શૈક્ષણિક કેલેન્ડર નિયત કરશે.

૯. આ કાયદામાં નિર્દિષ્ટ કરવામાં આવેલાં ધારા-ધોરણો અને માપદંડો અનુસાર સારી ગુણવત્તાયુક્ત પ્રાથમિક શિક્ષણની સુનિશ્ચિતતાની ખાતરી આપવી પડશે.

૧૦. પ્રાથમિક શિક્ષણના અભ્યાસક્રમો અને અભ્યાસના પાઠોને સમયાંતર નિયત કરશે.

૧૧. તાલીમની જરૂરિયાતવાળાં બાળકો તથા શિક્ષકો માટેની તાલીમની સુવિધા પૂરી પાડશે.

**શિક્ષકો-વાલીઓ ફરજ નિભાવે બાળકનું ભાવિ ઉજ્જવળ બનાવે**

## શાળા માટેના ધોરણ અને માપદંડ

**ધોરણ ૧થી ૫ માટે :**

બાળકોની સંખ્યા ૬૦થી ઉપર હોય તો ૨ શિક્ષકો, ૬૧થી ૯૦ હોય તો ૩ શિક્ષકો, ૯૦થી ૧૨૦ હોય તો ૪ શિક્ષકો, ૧૨૧થી ૨૦૦ હોય તો ૫ શિક્ષકો હોવા જોઈએ.

**ધોરણ ૬થી ૮ માટે :**

- વર્ગદીઠ ૧ શિક્ષક
- વિજ્ઞાન અને ગણિત, સામાજિક અભ્યાસ અને ભાષાઓ માટે ઓછામાં ઓછો એક શિક્ષક
- પ્રત્યેક ૩૫ બાળકો માટે ઓછામાં ઓછો એક શિક્ષક
- ૧૦૦થી વધારે બાળકો માટે - એક પૂર્ણકાલીન મુખ્ય શિક્ષક તથા કલા શિક્ષણ, આરોગ્ય અને શારીરિક શિક્ષણ માટે અંશકાલીન પ્રશિક્ષક

### શાળામાં સુવિધાઓ

૧. દરેક શાળા માટે બારમાસી મકાન

૨. દરેક શિક્ષક માટે ઓછામાં ઓછો એક વર્ગખંડ

૩. બાળકો માટે અવરોધમુક્ત પ્રવેશ

૪. છોકરા-છોકરીઓ માટે અલગ સંડાશ અને બાથરૂમ

૫. બધાં બાળકો માટે સલામત અને સ્વચ્છ પીવાના પાણીની પૂરતી સગવડ

૬. શાળામાં મધ્યાહ્ન ભોજન યોજનાનું ભોજન રંધાતું હોય તેવું રસોડું

૭. ક્રીડાંગણ (રમત ગમતનું મેદાન)

૮. શાળાના મકાનના રક્ષણ માટે દિવાલ અને વાડની વ્યવસ્થા

૯. દરેક વર્ગ પ્રમાણે જરૂરિયાત મુજબ શીખવા અને ભણવાની સાધનસામગ્રી

૧૦. દરેક વર્ગ પ્રમાણે જરૂરિયાત મુજબ રમત-ગમત અને ખેલકૂદની સાધનસામગ્રી

૧૧. દરેક શાળામાં ગ્રંથાલય રહેશે, તેમાં સમાચારપત્રો, મેગેઝિન, તમામ પરનાં પુસ્તકો તેમજ વાર્તાની ચોપડીઓ રહેશે.

**કોઈપણ બાળકને શારીરિક શિક્ષા કે માનસિક ત્રાસ આપી શકાશે નહી.**

## શાળા વ્યવસ્થાપન સમિતિની રચના

- સરકાર પાસેથી કોઈ પણ સહાય કે અનુદાન મેળવતી હોય તેવી શાળામાં સ્થાનિક સત્તાધિકારી, શાળામાં દાખલ-પ્રવેશ થયેલાં બાળકોનાં માતા-પિતા અથવા વાલીઓ અને શિક્ષકોના ચૂંટાયેલા પ્રતિનિધિત્વવાળી બનેલી શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરશે.
- આ સમિતિના ઓછામાં ઓછા ૩/૪ સભ્યો બાળકોનાં માતા-પિતા અથવા વાલીઓ રહેશે, જેમાં નબળા વર્ગનાં બાળકોના વાલીઓને પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે અને સમિતિમાં ૫૦% મહિલાઓ હશે.

## શાળા વ્યવસ્થાપન સમિતિનાં કાર્યો

- શાળાની દરેક કામગીરી ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે. (શાળામાં બાળકો અને શિક્ષકોની હાજરી, શિક્ષકોની મુંઝવણનો ઉકેલ)
- શાળાની વિકાસ યોજના તૈયાર કરી ભલામણ કરશે. (ભૌતિક સુવિધા, શાળાનું રંગરોગાન/રીપેરીંગ, લાયબ્રેરી)
- રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સત્તા તંત્ર અથવા બીજા કોઈ સ્રોતમાંથી મળેલ ગ્રાન્ટનો ઉપયોગ/વપરાશ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે.
- શિક્ષણ અધિકારના કાયદા મુજબ શાળાનો સમય અને ભણાવવાના કલાક વિગેરેને સુનિશ્ચિત કરશે તેમજ સમિતિની બેઠકમાં શૈક્ષણિક કાર્ય, અભ્યાસક્રમ વગેરે મુદ્દાઓ પર ચર્ચા કરશે.
- શિક્ષકોને બિનશૈક્ષણિક ફરજોમાં ચૂંટણી તેમજ વસ્તી ગણતરી જેવા કાર્યો સિવાય બીજા કાર્યો સોંપવામાં આવે નહિ તે માટે નિયંત્રણ અને દેખરેખ રાખશે.
- શાળાના નજીકના વિસ્તારના તમામ બાળકોના નામાંકન અને નિયમિત હાજરી સુનિશ્ચિત કરશે.
- બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯માં નિર્દિષ્ટ શાળા માટેના ધારાધોરણો, માપદંડ જળવાય તે માટે દેખરેખ અને નિયંત્રણ રાખશે. જેમકે, બાળકો સામે શિક્ષકોની સંખ્યા, વર્ગખંડો, છોકરા-છોકરી માટે અલગ શૌચાલય, ભાષાના શિક્ષકો, પીવાનું પાણી, મેદાન, પુસ્તકાલયની સુવિધા, શિક્ષકોના કામકાજના કલાકો.
- જે બાળકો ક્યારેય શાળાએ ગયા નથી અથવા તો અધવચ્ચેથી ભણવાનું છોડી દીધેલ હોય તેવા બાળકોને તેમની ઉંમર મુજબના ધોરણ પ્રવેશ આપવાની વ્યવસ્થા કરવી. આવા બાળકોને શાળામાં આવવા માટે રસ જગાવવા સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત વર્ગનું આયોજન કરવું.
- વિકલાંગ બાળકોની ઓળખ અને તેના નામાંકન તથા ભણવા માટેની સવલતો બાબત દેખરેખ અને નિયંત્રણ રાખવું અને આ બાળકો પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તે માટે તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવી. (દા.ત. આંખની ખામી હોય તો ચશ્મા, ચાલી ન શકતા હોય તો વ્હીલચેર, શાળામાં રેમ્પની વ્યવસ્થા હોવી જોઈએ જેથી તેઓ સહેલાઈથી શાળામાં પ્રવેશ કરી શકે)
- મધ્યાહન ભોજન યોજનાની અમલવારી પર દેખરેખ અને નિયંત્રણ રાખવું. (જેમકે તાજું તેમજ ગરમ ભોજન, ભોજન સામગ્રી પોષક અને ગુણવત્તાયુક્ત, ભોજન લેતાં બાળકોની સંખ્યા, ભોજનનું ટેસ્ટીંગ, કોઈ પણ પ્રકારનો ભેદભાવ ન હોવો જોઈએ.)
- શાળાના આવક ખર્ચના વાર્ષિક હિસાબો તૈયાર કરવા.
- ગ્રામસભામાં સમિતિના આવક અને ખર્ચની માહિતી અને શાળાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવો.
- બાળકોને શાળામાં કોઈ પણ પ્રકારની શારીરિક કે માનસિક કનડગત ન થાય તેનો ખાસ ખ્યાલ રાખવો.
- શાળામાં આવતા બાળકોના વિસ્તારોમાં લોકોને સરળ રીતે બાળકોને જે અધિકારો મળ્યા છે તેની સમજણ આપશે તથા રાજ્ય સરકાર, સ્થાનિક સત્તા તંત્ર, શાળા, માતા-પિતા અને વાલીઓની ફરજ અંગેની સમજણ આપશે.



**દરેક બાળક શાળામાં**

**સૌને શિક્ષણ, સમાન શિક્ષણ**

## ફરિયાદ નિવારણ માટેનું તંત્ર

- આ અધિનિયમ અન્વયે બાળકના અધિકારને લગતી કોઈ ફરિયાદ હોય તેવી વ્યક્તિ તેના હુકુમતક્ષેત્ર ધરાવતા સ્થાનિક સત્તાધિકારીને લેખિત ફરિયાદ કરી શકશે.
- આવી ફરિયાદ મળ્યા બાદ, સ્થાનિક સત્તાધિકારી સંબંધિત પક્ષકારોને સાંભળવાની યોગ્ય તક આપ્યા પછીના ત્રણ માસની અંદર આ બાબતમાં નિર્ણય કરશે.
- સ્થાનિક સત્તાધિકારીના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ, બાળકોના અધિકારના રક્ષણ માટેના રાજ્ય પંચ અથવા નિયત કરેલ સત્તાધિકારીને અપીલ કરી શકશે.

## શિક્ષકોની ફરજો

- શાળામાં હાજરીની નિયમિતતા અને સમયપાલનને દુરસ્ત રાખશે.
- નિયત કરેલા સમયાનુસાર અભ્યાસક્રમને ચલાવશે અને પૂરા કરશે.
- દરેક બાળકની ક્ષમતાનો કયાસ કાઢી અને જો કોઈ, જરૂરી હોય તો તદાનુસારના વધારાના પૂરક આદેશ આપશે.
- બાળકોનાં માતા-પિતા અથવા વાલી સાથે નિયમિત બેઠક યોજીને તેઓને બાળક વિશે હાજરીમાં નિયમિતતા, શીખવાની ક્ષમતા, શીખવાની પ્રક્રિયામાં થઈ રહેલો વિકાસ અને અન્ય સુસંગત માહિતીની જાણ કરશે.

## માતા-પિતા અને વાલીની ફરજ

દરેક માતા-પિતા અથવા વાલીની ફરજ બને છે કે તે પોતાના બાળકો અથવા પાલ્યને પાડોશમાં આવેલી પ્રાથમિક શિક્ષણ આપતી શાળામાં દાખલ-પ્રવેશ કરે.

**બાળકોના પણ છે અધિકાર**
**શિક્ષણ સમીતીમાં કરો દરકાર**
**ગ્રામસભામાં બનાવો ભાગીદાર**
**નિર્ણય લેવામાં છે સૌ હકદાર**

ફક્ત અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુસર વિકલ્પ અમદાવાદ દ્વારા તૈયાર



# ભીમનો કાયદો
# બિરસાનુ તીર



## સાથે મળીને
## બદલીએ તાસીર

# બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ ૨૦૦૯




**વિકલ્પ**
એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર
રેલ્વે સ્ટેશનની પાસે, વેજલપુર,
અમદાવાદ - ૩૮૦૦૫૧.
e-mail: vikalpahd@gmail.com
website : www.vikalp.org
વિકલ્પ VIKALP

**તાપી જીલ્લા એકમ :** વિકલ્પ, નિઝર તાલુકા પંચાયત સામે, નિઝર, તાપી. ફોન : ૦૨૬૨૮ ૨૪૪૭૨૪,
ઈમેલ : tapi@viaklp.org

**ચાઈલ્ડ લાઈન**
**૧૦૯૮ દિવસ રાત**

CHILD LINE 1098 NIGHT & DAY